## :: આંક– ૮૩ ની અરજી લગત હુકમ ::

(૧) પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ હાલની અરજી સીવીલ પ્રોસીજડ કોડના ઓર્ડર–૭, રૂલ–૧૧(એ)(ડી) હેઠળ આપ◌ેલ છે અને વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ તેમની દાવા અરજીમાં અપ્રમાણીકપણે ખોટા કથનો કરેલા છે અને દાવામાં ભ્રામક આભાષી કારણો દર્શાવી હાલનો દાવો દાખલ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ ના દાવામાં હાલના વાદીએ દાવાવાળી જમીન સને ૧૯૯૮ માં ભાડા પટ્ટે લીધેલ હોવાનું પોતાના લેખિત જવાબમાં જણાવેલ છે. જયારે હાલના દાવામાં તે હકીકત છુપાવી દાવાવાળી મિલકત વેચાણ રાખેલ હોવાના કથનો કરેલા છે. જેથી વાદી સત્ય હકીકતો છુપાવતા હોય તેઓનો દાવો ટકવા પાત્ર નથી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, વાદીના કથન મુજબ, વાદીએ રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ ના કામમાં લોક અદાલતમાં થયેલ સમાધાનની રૂએ દાવો દાખલ કરેલો છે. તે સમાધાન તા.૩૦/૧૦/૨૦૦૪ ના રોજ થયેલ છે તેમજ દાવાવાળી મિલ્કત તા.૧૯/૪/૨૦૦૫ ના રોજ જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ છે. જ્યારે હાલનો દાવો સને ૨૦૧૧ ની સાલમાં એટલે કે આશરે ૬ વર્ષ કરતાં વધુ સમય બાદ દાખલ કરવામાં આવેલ છે. જેથી વાદીના દાવ◌ાને સમય મર્યાદાનો બાધ નડે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, વાદીએ તેમના દાવામાં માત્ર વેચાણ દસ્તાવેજ રદ કરવાની મુખ્ય દાદ માંગેલ છે, પરંતુ તેઓની તરફેણમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ લખી આપે તેવી કોઈ દાદ માંગેલ ન હોય વાદીના દાવાને સ્પેશ્યલ રીલીફ એકટની કલમ–૩૪ નો પણ બાધ નડે છે. ઉપરોક્ત કારણોસર વાદીની દાવા અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૨) હાલની અરજી વિરૂધ્ધ વાદીએ આંક–૯૯ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ ના કામે થયેલ હુકમનામાને આજ દિન સુધી ઉપલી અદાલતમાં અપીલ, રીવીઝન કરી પડકારેલ નથી. વધુમાં, પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ તેમની અરજીના પેરા–૭ માં પ્રતિવાદીના કહેવાતા પાવર ઓફ એટર્ની શબ્દનો ઉલ્લેખ કરેલ છે પરંતુ પ્રતિવાદીઓએ આજ દિન સુધી કહેવાતા પાવર ઓફ એટર્ની વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરેલ નથી. જો તેઓએ કોઇ પાવર આપેલ ન હોય તો તે પાવર રદ કરાવવા માટે પણ તેઓએ કોઇ કાર્યવાહી કરેલ નથી. આમ, પ્રતિવાદીઓ તદ્દન ખોટુ પક્ષ નિવેદન કરી હાલની ખોટી અરજી આપેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૨ થી ૫ ના પાવરદાર હર્ષદભાઇ ચીમનભાઈ પરમારનાઓએ રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ થી આ કામના પ્રતિવાદી નં. ૧ તથા આ કામના વાદી તથા અન્ય એક ઈસમ ગીરીશ જયસીંહભાઈ હરીજન વિરૂધ્ધ જાહેરાત તથા જાથુકી નો મનાઇ હુકમનો દાવો દાખલ કરેલો અને તે દાવા અરજીમાં "ડોસો સાટાખત કરી ગયો છે, ડોસો ગીરવે મુકી ગયો છે, ડોસો લખાણ આપી ગયો છે." ના કથનો કરેલા છે. ઉપરોકત કથનો ઉપર થી જ કહી શકાય કે, પ્રતિવાદીઓ અને તેમના પાવરદાર સારી રીતે જાણતા હતા કે તેમના વડીલ હાલના વાદીની તરફેણમાં લખાણ કરી ગયા છે અને જેથી તેઓએ દાવો દાખલ કરેલો અને તે દાવામાં તા.૩૦/૧૦/૨૦૦૪ ની લોક અદાલતમાં સમાધાન થયેલ જે સમાધાન સદર કામે નિ. ૩/૧૨ થી રજુ થયેલ છે અને તે સમાધાન અન્વયે વાદીએ પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓને રૂ. ૧ લાખ ચુકવી આપતાં પ્રતિવાદીઓએ પોતાનો હીસ્સો જતો કરેલો અને રેવન્યુ દફતરે જયાં જરૂર પડે ત્યા તલાટી કમ મંત્રી તથા સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની રૂબરૂ જરૂર પડે ત્યારે પ્રતિવાદીઓ (રે.દિ.મુ.નં. ૮/૨૦૦૪ ના વાદી તથા તેમના

મુખત્યાર) હાજર રહી સહી સાટા કરી આપવાનું નકકી કરેલ હતુ. ઉપરોકત સમાધાન નામદાર કોર્ટ રૂબરૂ તેમજ પક્ષકારો, વકીલો અને કન્સીલેટરની હાજરીમાં થયેલ છે અને જે સમાધાનની રૂઈએ નામદાર કોર્ટે હુકમનામું દોરી આપેલ છે. હુકમનામા મુજબ પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓએ વાદીને પાકો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો. વાદીએ પ્રતિવાદીઓને વેચાણ દસ્તાવેજ કરી આપવા વારંવાર જણાવેલ હોવા છતાં પ્રતિવાદીઓ બહાના બતાવી ખોટા વચનો આપેલા. ત્યારબાદ પ્રતિવાદીઓની બદદાનત થતાં, હુકમનામા મુજબ વાદીને દસ્તાવેજ કરી આપવુ ન પડે તે માટે વાદીની જાણ બહાર, આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ પ્રતિવાદી નં. ૬ ને તા.૧૭/૨/૨૦૧૦ ના રોજ માંગરોળના સબ રજીસ્ટ્રાર રૂબરૂ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલો. જે વેચાણ દસ્તાવેજની સહી સીકકાવાળી નકલ તા.૪/૧૦/૨૦૧૦ ના રોજ કઢાવતા વાદીને ઉપરોકત દસ્તાવેજની જાણ તથા તેઓએ વકીલ શ્રીનો સંપર્ક કરી સમયમર્યાદામાં તા.૩૦/૯/૨૦૧૧ ના રોજ હાલનો દાવો દાખલ કરેલો છે. જેથી વાદીનો દાવો ભ્રામક આભાસી કારણવાળો અને સમયમર્યાદા બહારનો હોવાની હકીકત તદન ખોટી છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, સદર કામે પ્રતિવાદીઓએ તા.૨૨/૮/૨૦૧૩ ના રોજ વાદીની દાવા અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે અને ત્યારબાદ આશરે ૧૦ વર્ષ અને ૭ માસ બાદ કુંભકર્ણની નિદ્રા માંથી જાગીને જાણીબુઝીને કેસ લંબાવવા માટે અને વાદી વયો વૃધ્ધ થયેલ હોય અને બાયપાસ સર્જરી કરાવેલ છે, જેથી અવસાન પામે તેની રાહ જોવા માટે પ્રતિવાદીઓ અન્ય કોઈની ચઢામણીથી હાલની ખોટી અરજી કરેલ છે. જે અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ છે.

(૩) ત્યારબાદ પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ આંક – ૧૦૬ થી હાલની અરજી અનુસંધાને લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ તેઓ તરફે વિ.વ.શ્રી એમ. એમ. ખતીબનાઓએ રજુઆત કરેલ છે કે, રે. દિ. મુ. નં. ૮/૨૦૦૪ વાળો દાવો હાલના વાદી અને પ્રતિવાદી નં. ૧ નાઓએ એકબીજાના મેળાપીપણામાં દાવો દાખલ કરાવેલ હતો. મજકુર દાવામાં હાલના વાદીનાઓ પ્રતિવાદી નં. ૧ હતા અને હાલના પ્રતિવાદી નં. ૧ નાઓ મજકુર દાવાના પ્રતિવાદી નં. ૩ હતા. હાલના વાદી અને પ્રતિવાદી નં. ૧ નાઓએ મજકુર દાવામાં સંયુકત જવાબ રજુ કરેલો અને દાવો દાખલ થયા બાદ સમાધાન કરી, પ્રતિવાદી નં. ૩ માટે પણ મિલકતની વ્યવસ્થા કરેલ હતી પરંતુ પ્રતિવાદી નં. ૩ નાઓ પ્રતિવાદી નં. ૩ થી ૫ ના વડીલના કાયદેસરના વારસ નથી. હાલના વાદી અને પ્રતિવાદી નં. ૧ નાઓએ ફ્રોડ થી હુકમનામુ મેળવેલ હોઈ વાદીનો દાવો ટકવાપાત્ર નથી.

(૩.૧) તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, વાદીએ તેમની દાવા અરજીમાં, તેઓએ રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ ના કામે લોક અદાલતમાં સમાધાન થતાં તા.૩૦/૧૦/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ હુકમનામા ના આધારે વાદી માલિક બન્યા ત્યારે દાવો કરવાનો કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ જણાવેલ છે. જેથી હુકમનામાની તારીખ થી સમયમર્યાદા ગણવામાં આવે તો વાદીને ૩ વર્ષમાં દાવો દાખલ કરવો પડે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, હુકમનામું થયા બાદ તા.૨૬/૮/૨૦૦૫ ના રોજ દાવાવાળી મિલકત જુની શરતમાં તબદીલ થયેલ છે. જો મજકુર તારીખ ધ્યાને લેવામાં આવે તો પણ વાદીનો દાવો સમયમર્યાદા બહારનો છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, વાદીએ તેમની દાવા અરજીમાં તકરારી વેચાણ દસ્તાવેજની તેઓને પ્રથમ વખત કયારે જાણ થઇ તેવી કોઇ હીકકત દાવા અરજીમાં જણાવેલ નથી. જેથી વાદી આભાસી

કારણ જણાવી દાવાને સમયમર્યાદામાં લાવવાનો પ્રયત્ન કરેલ છે. જેથી વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટ નુ Kanjibhai Bhagwanjibhai Patel vs Nanduben Shamjibhai Sorathiya નો ચુકાદો રજુ કરી, રજુઆત કરેલ છે કે, દાવો દાખલ કરવાની સમયમર્યાદા ધ્યાનમાં લેતી વખતે જ્યારે દાવો દાખલ કરવાનો પ્રથમ વખત કારણ ઉભુ થાય તે સમય ધ્યાને લેવાનો રહે છે બીજી વખતનું કારણ ધ્યાને લઈ શકાય નહી. હાલના દાવા સંબંધે સૌપ્રથમ સને ૨૦૦૪ માં હુકમનામુ થયુ ત્યારે અને ત્યારબાદ સને ૨૦૦૫ માં દાવાવાળી મિલકત જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ ત્યારે વાદીને દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હતુ અને વાદીએ ૬ વર્ષ બાદ દાવો દાખલ કરેલ હોય હાલનો દાવો સમયમર્યાદા બહારનો છે

(૩.૨) પ્રતિવાદી નં. ૩ થી ૫ ના વકીલશ્રીએ નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનુ Ganga Prasad vs State of UP, 2024 (0) AIJEL–MP 1445518 નો ચુદાદો રજુ કરી, રજુઆત કરેલ છે કે, ફ્રોડ થી મેળવેલ હુકમનામાને ગમે ત્યારે, ગમે તે કોર્ટમાં, અપીલમાં, રીવીઝનમાં, રીટ માં અથવા અન્ય સંબંધિત કાર્યવાહીમાં પણ પડકારી શકાય છે.

(૩.૩) પ્રતિવાદી નં. ૩ થી ૫ ના વિ. વકીલશ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટનુ Becharbhai Zaverbhai Patel vs Jashbhai Shivabhai Patel નો ચુકાદો રજુ કરી રજુઆત કરેલ છે કે, વાદીએ તેમની દાવા અરજીમાં વેચાણ દસ્તાવેજની જાણ તેઓને કયારે થઇ તેનો ઉલ્લેખ ન કરી કલેવર ડ્રાફ્ટીંગ કરી દાવાને સમયમર્યાદામાં લાવવાનો પ્રયત્ન કરેલો છે. જેથી પણ વાદીનો દાવો ટકવા પાત્ર નથી.

(૩.૪) પ્રતિવાદી નં. ૩ થી ૫ ના વિ.વ.શ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટનુ T. Arvindam vs T.V. Satyapal નો ચુકાદો રજુ કરી જણાવેલ છે કે, જો કલેવર

ડ્રાફટીંગના આધારે, દાવો દાખલ કરવામાં આવે તો કોર્ટે ઓર્ડર –૭, રૂલ –૧૧ હેઠળ પોતાની સત્તા વાપરી દાવાને શરૂઆતથી જ કાઢી નાંખવો જોઇએ.

(૩.૫) પ્રતિવાદી નં. ૩ થી ૫ ના વિ.વ.શ્રીએ નામ. સુપ્રિમ કોર્ટનો State of Punjab vs. Jalour Singh નો ચુકાદો રજુ કરી રજુઆત કરેલ છે કે, લોક અદાલતમાં કરવામાં આવેલ હુકમનામું પણ ચેલેંજ કરી શકાય છે.

(૩.૬) ઉપરોકત તમામ રજુઆતોના અંતે પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ તેમની અરજી મંજુર કરી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તર્ફે આંક – ૧૦૯ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમજ વાદીના વિ.વ.શ્રી એ.પી. શાહે રજુઆત કરેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૨ ના પતિ હર્ષદભાઇએ પ્રતિવાદી નં. ૨ થી ૫ ના કુલમુખત્યાર તરીકે રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ દાખલ કરેલો અને તે દાવામાં દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓનો હકક, હિત નથી તેવી દાદ માંગવામા આવેલી. આવી દાદ ત્યારે જ માંગવામાં આવે કે જયારે વાદી લખાણ થયેલ હોવાનું જાણતા હોય. દાવાવાળી મિલકત સંબંધે હાલના વાદીએ પ્રતિવાદીને કોઇ રકમ આપવાની થતી ન હોવા છતાં, દાવાનો અંત લાવવા સારૂ વધારાની રકમ ચુકવી વાદીએ સમાધાન કરેલ હતુ. પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ જાતે કે તેમના પાવરદારે આજ દિન સુધી સમાધાનની રૂઈએ કરવામાં આવેલ મજકુર હુકમનામાને પડકારેલ નથી. જેથી હુકમનામુ ફ્રોડથી મેળવવામાં આવેલ હોવાની તકરાર પ્રતિવાદીઓ હાલના દાવાના કામે લઈ શકે નહી.

(૪.૧) તેઓ વધુમાં રજુઆત કરેલ છે કે, હુકમનામાનુ અમલ કરાવવા માટે દરખાસ્ત કરવી પડે અને દરખાસ્ત દાખલ કરવા માટે લીમીટીશન એકટમાં ૧૨ વર્ષની

સમયમર્યાદા આપવામાં આવેલ છે. વાદીને હુકમનામાના આધારે દરખાસ્ત દાખલ કરવાની સમયમર્યાદા ચાલુ હતી તે દરમ્યાન પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓએ પ્રતિવાદી નં. ૬ ને સને ૨૦૧૦ માં વેચાણ દસ્તાવેજ કરી આપતા હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે અને વાદીએ સને ૨૦૧૧ માં જ સમયમર્યાદાની અંદર હાલનો દાવો દાખલ કરેલ છે. જેથી વાદીના દાવાને સમયમર્યાદાનો બાદ નડતો ન હોય પ્રતિવાદી નં. ૩ થી ૫ ની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪.૨) તેઓ વધુમાં રજુઆત કરલે છે કે, રે.દિ.મુ. નં. ૮/૨૦૦૪ ના કામે સમાધાન થયેલ તે અગાઉથી દાવાવાળી મિલકતનો કબ્જો વાદી પાસે છે. તેમછતાં વાદી નં. ૨ થી ૫ નાઓએ પ્રતિવાદી નં. ૬ ને દાવાવાળી મિલકતનો કબ્જો સુપ્રત કર્યા વિના વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને ત્યારબાદ પ્રતિવાદી નં. ૬ નાએ પ્રતિવાદી નં. ૭, ૮ નાઓને, દાવાવાળી મિલકતનો કબ્જો સુપર્ત કર્યા વિના દસ્તાવેજ કરી આપેલ છે અને દસ્તાવેજમાં કબજા સંબંધેના ખોટા કથનો કરેલા છે. ત્યારબાદ, સદરહું કામે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને જોડવામાં આવતાં, પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ આંક–૪૭ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે અને દાવાવાળી મિલકતનો કબ્જો વાદી પાસે મેળવવા માટે કાઉન્ટર કલેઈમ કરેલ છે. જેથી દાવાવાળી મિલકત હાલમાં પણ વાદીના કબ્જામાં હોવાનું ફલિત થાય છે. વાદીના વિ. વ. શ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટના Ram Prakash Gupta vs. Rajiv Kumar Gupta ના હુકમ પર આધાર રાખી રજુઆત કરેલ છે કે, બહુ મોડુ કર્યા બાદ સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ અન્વયે અરજી આપવામાં આવે તો તે ટકવા પાત્ર નથી. સદરહુ કામે આંક–૪૩ થી તા.૩૦/૬/૨૦૧૬ ના રોજ મુદા ધડવામાં આવેલા છે. જેથી હાલના તબબકે પ્રતિવાદીઓની અરજી ટકવા પાત્ર નથી.

(૪.૩) વાદીના વિ.વ.શ્રીએ નામદાર ગુજરાત હોઈકોર્ટના Himanshu Madanlal Shah vs. Dr. B. M. Poojari ના ચુકાદા પર આધાર રાખી રજુઆત કરેલ છે કે, સમયમર્યાદાનો મુદ્દો, તે હીકકત અને કાયદાનો મિશ્ર પ્રશ્ન છે. જેથી સમયમર્યાદા ના બાધ બાબતે મદ્દો ઘડીને નિર્ણય કરવો જરૂરી બની રહે છે.

(૪.૪) ઉપરોકત તમામ રજુઆતોના અંતે વાદીના વિ. વ. શ્રીએ પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) પ્રતિવાદી નં. ૩ થી ૫ ની હાલની અરજી, વાદીનો લેખિત જવાબ, બંને પક્ષ તરફે રજુ લેખિત દલીલો, આંક–૧ ની દાવા અરજી, આંક–૩ નીચે રજુ દસ્તાવેજો વંચાણે લીધા. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૬) પ્રતિવાદી તર્ફે મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે, વાદીએ રે.દિ. મુ. નં. ૮/૨૦૦૪ ના કામે ખોટી રીતે હુકમનામુ મેળવેલ છે અને વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે.

(૭) વાદીએ રે. દિ. મુ. નં. ૮/૨૦૦૪ ના કામે ખોટી રીતે હુકમનામુ મેળવેલ છે તેવુ કહી દેવા માત્ર થી સિવિલ પ્રોસિજર કોડ ના ઓર્ડર –૭, રૂલ–૧૧ હેઠળ વાદીની દાવા અરજી રદ થવા પાત્ર ઠરતી નથી. વાદીની દાવા અરજી ઘ્યાને લેતાં, તેઓએ રે.દિ.મુ. નં. ૦૮/૨૦૦૪ ના કામે ખોટી રીતે હુકમનામુ મેળવેલ હોય તેવુ જણાતુ નથી. જેથી પ્રતિવાદીની મજકુર તકરાર વાદીની દાવા અરજી રદ કરવા પુરતી નથી.

(૮) હવે, સમયમર્યાદા બાબતની પ્રતિવાદીની તકરાર અનુસંધાને વાદીની દાવા અરજી ધ્યાને લઈએ. વાદીએ તેમની દાવા અરજી ના પેરા નં. ૧૦ માં જણાવેલ છે કે, રે.દિ.મુ.નં. ૮/૨૦૦૪ ના કામે લોકઅદાલતમાં તા.૩૦/૧૦/૨૦૦૪ ના રોજ સમાધાનની રૂઈએ થયેલ હુકમનામાના આધારે તેઓને દાવાવાળી મિલકતના માલિક બન્યા ત્યારે કારણ ઉપસ્થિત થયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ વાદીની દાવા અરજીની સમગ્ર હકીકતો જોતાં, વાદીએ ઉપરોક્ત કારણ દાવાના કારણ તરીકે નહી પરંતુ તેઓને મજકુર હુકમનામાના આધારે દાવા અરજી કરવાનો હક પ્રાપ્ત થયેલ છે તે સારૂ દર્શાવેલ છે. જેથી હુકમનામુ થયુ ત્યારથી વાદીને દાવો કરવાનો સોપ્રથમ કારણ ઉપસ્થિત થયેલ હતો તેવી પ્રતિવાદીની રજુઆત ટકવાપાત્ર નથી.

(૯) પ્રતિવાદીએ દાવાવાળી મિલકત સને ૨૦૦૫ માં જુની શરતમાં ફેરવવાનો હૂકમ થયો ત્યારથી પણ દાવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું ગણી વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો હોવાની રજુઆત કરેલી છે પરંતુ તે રજુઆત પણ ટકવા પાત્ર નથી કારણ કે, દાવાવાળી મિલકત જુની શરતમાં ફેરવવા થી પણ વાદીને દાવો કરવાનુ કારણ ઉપસ્થિત થતું નથી. કારણ કે, વાદીએ દાવાવાળી મિલકત જુની શરતમાં તબદલી થઈ તે સંબંધે દાવો દાખલ કરેલ નથી પરંતુ દાવાવાળી મિલકત સંબંધે કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે દાવો દાખલ કરેલ છે. જેથી સને – ૨૦૦૫ થી વાદીના દાવાની સમયમર્યાદા ગણી શકાય નહી તેમ આ અદાલતનુ માનવુ છે.

(૧૦) વધુમાં, રે.દિ.મુ.નં. ૮/૨૦૦૪ ના કામે તા.૩૦/૧૦/૨૦૦૪ ના રોજ હુકમનામું થયા બાદ હુકમનામાની અમલવારી કરવા માટે યોગ્ય કાયદેસરની કાર્યવાહી

કરવાની સમયમર્યાદા દરમ્યાન પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ પ્રતિવાદી નં. ૬ નાઓને તારીખ ૧૭/૦૨/૨૦૧૦ ના રોજ દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપતાં વાદીએ મજકુર વેચાણ દસ્તાવેજ રદ કરાવવા હાલનો દાવો દાખલ કરેલ છે. જેથી વાદીને દાવો કરવાનુ સૌપ્રથમ કારણ, જે તારીખે વેચાણ દસ્તાવેજ ની નોંધણી થઈ તે તારીખ એટલે કે, તા. ૧૭/૦૨/૨૦૧૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે અને વાદીએ હાલનો દાવો સને ૨૦૧૧ માં દાખલ કરેલ છે. લીમીટેશન એકટની આર્ટીકલ ૫૮ મુજબ કોઈપણ જાહેરાત મેળવવા માટે ૩ વર્ષની સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે અને વાદીએ હાલનો દાવો સને ૨૦૧૧ માં એટલે કે સમયમર્યાદામાં દાખલ કરેલ છે. જેથી વાદીના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાની તકરાર ટકવા પાત્ર રહેતી નથી.

(૧૧) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ વાદીને દાવા કરવાનુ સૌપ્રથમ કારણ વેચાણ દસ્તાવેજ થયાની તારીખ એટલે કે, તા.૧૭/૦૨/૨૦૧૦ ના રોજ પ્રાપ્ત થયેલ હોઈ વાદીના દાવાને સમયમર્યાદાનુ બાધ નડતુ ન હોઈ તેમજ વાદીએ રે. દિ. મુ. નં. ૦૮/૨૦૦૪ ના કામે ખોટી રીતે હુકમ મેળવેલ હોવાનુ વાદીની દાવા અરજી ઉપર થી ફલિત થતુ ન હોઈ, પ્રતિવાદ તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાઓ હાથ ઉપર ના કેસમાં પ્રતિવાદીને મદદરૂપ થતાં નથી તેમ આ અદાલતનુ માનવુ છે.

(૧૨) ઉપરોકત તમામ ચર્ચાના આધારે પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓની વાદીનો દાવો રદ કરવાની અરજી ટકવાપાત્ર ન હોવાનુ ઠરાવી, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

૧. પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓની હાલની આંક – ૮૩ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા. ૨૪ મી, માહે ઓકટોબર, સને ૨૦૨૪ ના દિને ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

(આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા)
એડીશનલ સીવીલ જજ,
માંગરોલ, જી.સુરત.
**(કોડ – જીજે ૦૧૨૮૨)**